॥ चैतन्य ॥ CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# છેલ્લા દાયકા દરમિયાન ભારતના વિદેશ વ્યાપારમાં આવેલા ફેરફારો

**શિંગડ ભાવેશ ભગવાન**
**રિસર્ચ સ્કોલર, જી-સેટ,**
**અર્થશાસ્ત્ર ભવન,**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટ**
**ઈ-મેલ** : bhaveshbhagvan735@gmail.com

**સારાંશ :**

ભારતના વિદેશી વેપારે પાછલા વર્ષોમાં આર્થિક વિકાસમાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે. ભારતીય અર્થતંત્ર ઝડપથી આગળ વધી રહ્યું છે અને વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર સ્થાન મેળવી રહ્યું છે. આ પેપર છેલ્લા દાયકા દરમિયાન ભારતના વિદેશ વેપારમાં આવેલ ફેરફારોને પ્રકાશિત કરે છે કે જેણે તેના વિકાસમાં ફાળો આપ્યો છે. અને તેણે વિદેશ વ્યાપારનો અર્થ, વ્યાખ્યા, જરૂરિયાત અને મહત્વ પર સવિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કર્યો છે. અન્ય દેશોમાં માલ અને સેવાઓની નિકાસ વધુ વિદેશી હૂંડિયામણ આપે છે. તેવી જ રીતે આયાત ઘરના ચલણને ખર્ચવા તરફ દોરી જાય છે. તેથી દરેક દેશે આયાત કરતાં તેમના માલની નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આ પેપર છેલ્લા દાયકા દરમિયાન ભારતના વિદેશ વેપારમાં આવેલ ફેરફારોને પ્રકાશિત કરે છે.

**મહત્વના શબ્દો :** આંતરરાષ્ટ્રીય વ્યાપાર, આયાત & નિકાસ, લેણદેણનું સરવૈયું.

## પ્રસ્તાવના :

વિદેશી વેપારને વિશ્વના વિવિધ દેશો વચ્ચેના વેપાર તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે. તેને આંતરરાષ્ટ્રીય વેપાર, બાહ્ય વેપાર અથવા આંતર પ્રાદેશિક વેપાર તરીકે પણ ઓળખવામાં આવે છે. કોઈપણ દેશના વિકાસમાં વિદેશી વેપાર મહત્વની અને નિર્ણાયક ભૂમિકા ભજવે છે. વર્તમાન સમયમાં ભારત દેશ ઘણા રાષ્ટ્રો પાસેથી ચીજવસ્તુઓ અને સેવાઓની આયાતો કરેશે તો

ઘણા દેશોમાં ચીજવસ્તુઓ અને સેવાઓની નિકાસો પણ કરે છે. આમ કોઈપણ રાષ્ટ્ર સંપૂર્ણ રીતે આત્મનિર્ભર હોતું નથી આથી કોઈને કોઈ દેશ ઉપર તેમણે આધાર રાખવો પડતો હોય છે. વિદેશી વેપારએ વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાં મદદ કરેશે કે જેથી અન્ય કરતા સસ્તી કિંમતે વસ્તુ મળી રહે અને સ્થાનિક વેપારીઓ માટે બજારનો વ્યાપ વધારવામાં મદદ કરે છે. વિશ્વના દેશોના આર્થિક ઈતિહાસનો અભ્યાસ કરતાં જણાશે કે વિદેશ વેપારે ઘણા બધા દેશોના આર્થિક વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

## **અભ્યાસના હેતુઓ** :

1. વિદેશ વેપારનો અર્થ અને વ્યાખ્યા જાણવી.
2. વિદેશ વેપારની જરૂરિયાત અને મહત્વ જાણવું.
3. ભારતનાં છેલ્લા દાયકા દરમિયાન વિદેશ વેપારમાં આવેલા ફેરફારો તપાસવા.
4. ભારતનાં વિદેશી વેપાર પ્રદર્શનનો અભ્યાસ કરવો.
5. ભારતમાં વિદેશી વેપાર અને વિદેશી વેપાર નિયમનના પ્રકારોનો અભ્યાસ કરવો.

## **સંદર્ભ સાહિત્યની સમીક્ષા** :

**1. Pour, Shiva Abdi (2017)**
**International Trade in Services With Special Reference to Indian An Appraisal**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ભારતના આંતરરાષ્ટ્રીય સેવાઓના વેપારમાં વિવિધ પાસાઓનું પરીક્ષણ અને મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તે વિશ્વ સેવાઓના વેપારમાં ભારતની સ્થિતિ અને વિશ્વની નિકાસ અને આયાતમાં સાપેક્ષ હિસ્સો, ભારત અને સેવાઓના વેપારમાં વિશ્વની દિશા અને રચનાના સંદર્ભમાં ભારતની સ્થિતિને આવરી લે છે. વેપારી માલની સરખામણીમાં ભારતની નિકાસ અને આયાતમાં સેવાઓની સ્થિતિ અને ભારતના GDP, રોજગાર અને FDI નીતિમાં સેવાઓનું યોગદાન અને ભારતમાં સેવાઓના વેપાર અંગે અભ્યાસ કરે છે.

**2. Om Prakash (2022)**
**Foreign Trade performance index development and validation in Indian context**

આર્થિક વિકાસમાં વિદેશી વેપારની ભૂમિકા નોંધપાત્ર છે. વિકસિત અને ઓછા વિકસિત બંને દેશો માટે વિદેશી વેપારનું ખૂબ મહત્વ છે. તે જ્ઞાન અને અનુભવને વિકસાવવાની પ્રેરણા

આપે છે જે વિકાસને શક્ય બનાવે છે, અને તેને પરિપૂર્ણ કરવાના માધ્યમો આપે છે. હેબરલરે સાચું કહ્યું હતું કે "મારું એકંદર નિષ્કર્ષ એ છે કે આંતરરાષ્ટ્રીય વેપારે 19મી અને 20મી સદીમાં ઓછા વિકસિત દેશોના વિકાસમાં જબરદસ્ત યોગદાન આપ્યું છે અને ભવિષ્યમાં પણ તેટલું જ મોટું યોગદાન આપવાની અપેક્ષા રાખી શકાય છે. અને તે નોંધપાત્ર સુધારાઓ અને વિચલનોમાં સીમાંત સાથેનો નોંધપાત્ર મુક્ત વેપાર આર્થિક વિકાસના દૃષ્ટિકોણથી શ્રેષ્ઠ નીતિ છે."

**3. Shuchi Gupta (2019)**
**An analysis of Present Position of International Trade of India**

પ્રસ્તુત અભ્યાસ પેપરમાં ભારતીય અર્થવ્યવસ્થામાં આંતરરાષ્ટ્રીય વેપાર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. દેશને વિવિધ ઉત્પાદનોની આયાત કરવાની જરૂર હોવાથી આંતરરાષ્ટ્રીય વેપાર દેશ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ભારત મોટી સંખ્યામાં ઉત્પાદનોની નિકાસ કરે છે અને અન્ય ઉત્પાદનોની સમાન માત્રામાં આયાત પણ કરે છે. જો કે ભારતે તેની અર્થવ્યવસ્થા સતત ખોલી છે, તેમ છતાં અન્ય દેશોની સરખામણીએ તેની ટેરિફ સતત ઊંચી રહે છે અને તેના રોકાણના ધોરણો હજુ પણ પ્રતિબંધિત છે. આનાથી કેટલાક ભારતને 'ઝડપી ગ્લોબલાઇઝર' તરીકે જુએ છે જ્યારે અન્ય લોકો હજુ પણ તેને અત્યંત સંરક્ષણવાદી અર્થતંત્ર તરીકે જુએ છે. તેમ છતાં, તાજેતરના વર્ષોમાં, વેપાર અને રોકાણ નીતિ પર સરકારના વલણે 'ઉત્પાદકો' ને રક્ષણ આપવાથી 'ગ્રાહકો'ને લાભ પહોંચાડવા માટે નોંધપાત્ર ફેરફાર દર્શાવ્યો છે. ભારત હવે વધુ ઉદાર વૈશ્વિક વેપાર શાસન માટે આક્રમક રીતે દબાણ કરી રહ્યું છે, ખાસ કરીને સેવાઓમાં. આ પેપર ભારતના આંતરરાષ્ટ્રીય વેપારના જથ્થા, રચના અને દિશામાં મુખ્ય ફેરફારોનું વિશ્લેષણ કરવાનો પ્રયાસ છે.

## આંતરરાષ્ટ્રીય વ્યાપારનો અર્થ :

વિવિધ દેશો (તેમના નાગરિકો) વચ્ચેનો ચીજવસ્તુઓ અને સેવાઓનો વિનિમય (વેપાર). આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર વચ્ચે કેટલીક બાબતોમાં તફાવત રહેલો છે : આંતરરાષ્ટ્રીય વેપારમાં વિવિધ દેશોમાં ચલણો વચ્ચે વિનિમય કરવો પડે છે, જ્યારે કોઈ એક દેશમાં થતા વેપારમાં એક જ ચલણનો ઉપયોગ થાય છે. આંતરરાષ્ટ્રીય વેપાર પર આયાતજકાત, ક્વોટા, નિકાસજકાત વગેરે સ્વરૂપે નિયંત્રણો લાદવામાં આવે છે, જે આંતરિક વેપારમાં અપવાદરૂપે જોવા મળે છે.

બે જુદા જુદા ચલણો વચ્ચે થતા વ્યાપારને આંતરરાષ્ટ્રીય વ્યાપાર કહેવામાં આવે છે.

- **સર્વ સામાન્ય વ્યાખ્યા**

જયારે શ્રમ વિભાગ દેશની સરહદ ઓળંગીને વિસ્તાર પામે ત્યારે તે આંતરરાષ્ટ્રીય વ્યાપાર બને છે.

- **પ્રો. હેરોડ**

## આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને ભારત :

ભારતનો આંતરરાષ્ટ્રીય વેપાર ઘણો લાંબો ઇતિહાસ ધરાવે છે. આઝાદી પહેલા, ભારતીય અર્થતંત્ર વસાહતી અને કૃષિ અર્થતંત્રની લાક્ષણિકતા હતી. વેપાર સંબંધો મુખ્યત્વે બ્રિટન અને અન્ય કોમનવેલ્થ દેશો સુધી સીમિત હતા. નિકાસમાં મુખ્યત્વે કાચા માલ અને વાવેતરના પાકનો સમાવેશ થતો હતો જ્યારે આયાતમાં હળવા ગ્રાહક માલ અને અન્ય ઉત્પાદનનો સમાવેશ થતો હતો. છેલ્લા 71 વર્ષોમાં, ભારતના વિદેશી વેપારમાં રચના અને વેપારની દિશા બંનેના સંદર્ભમાં સંપૂર્ણ પરિવર્તન આવ્યું છે. આઝાદી પહેલા ભારતની નિકાસમાં મુખ્યત્વે ત્રણ કોમોડિટીઝનો સમાવેશ થતો હતો, જેમ કે ચા, જ્યુટ અને કોટન ટેક્સટાઈલ. ભારત આઝાદ થયું તે સમયે દેશમાંથી થતી કુલ નિકાસનો અડધો હિસ્સો હતો. નિકાસ કરાયેલી અન્ય કેટલીક વસ્તુઓ મુખ્યત્વે મેગ્નેસીસ ઓર, મીકા, શેલક, રોહાઇડ્સ અને સ્કિન્સ જેવી પ્રોડક્ટ્સ હતી. માત્ર 4% નિકાસમાં એન્જિનિયરિંગ માલનો સમાવેશ થતો હતો. જ્યાં સુધી વેપારની દિશાનો સંબંધ હતો ત્યાં સુધી U.K અને U.S.એ.નો હિસ્સો લગભગ 40% નિકાસનો હતો. અન્ય દેશોનો હિસ્સો નાનો હતો. પૂર્વ યુરોપીય દેશો સાથેનો વેપાર નહિવત હતો.

સ્વતંત્રતા પછી ભારતનો આંતરરાષ્ટ્રીય વેપાર 1990-91 સુધીમાં તેના તમામ પરિમાણો, મૂલ્ય, રચના અને દિશાઓમાં ધરમૂળથી બદલાવ આવી ગયો હતો તેમાં પણ સુધારણા પહેલાના સમયગાળા દરમિયાન, ફેરફારો થયા છતાં પણ વિશ્વ વેપારમાં ભારતનો હિસ્સો પૂરતો રહ્યો હતો. ભારત વિશ્વના 190 દેશોને લગભગ 7600 વસ્તુઓની નિકાસ કરે છે અને 140 દેશોથી લગભગ 6000 વસ્તુઓની આયાત કરે છે. છેલ્લા દાયકા દરમિયાન ભારતના આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં મોટા પ્રમાણમાં ફેરફારો થયા છે અને તેના લીધે વ્યાપારની દિશામાં પણ નોંધપાત્ર ફેરફારો થયા છે.

## સંશોધન પદ્ધતિ :

સંશોધન અભ્યાસનું ચોકસાઈપૂર્વક સ્પષ્ટીકરણ થઇ ગયા બાદ સંશોધક અભ્યાસના હેતુઓને આધારે માહિતી કે તથ્યો મેળવવા માટે જે પદ્ધતિનો ઉપયોગ કરે છે તેને સંશોધન પદ્ધતિ

કહે છે. સંશોધન અભ્યાસની મુખ ત્રણ પદ્ધતિઓ જોવા મળે છે. (૧) વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ (૨) એતિહાસિક સંશોધન પદ્ધતિ અને (૩) પ્રાયોગિક સંશોધન પદ્ધતિ .

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવશે.

## માહિતી એકત્રીકરણ :

સામાન્ય રીતે માહિતી એકત્રિકરણ માટે બે પ્રકારની માહિતીનો ઉપયોગ કરવામાં આવે છે. (૧) પ્રાથમિક માહિતી અને (૨) ગૌણ માહિતી.

પ્રસ્તુત સંશોધન પેપરમાં માહિતી એકત્રીકરણ માટે ગૌણ માહિતી જેમ કે પુસ્તકો, સંશોધન પેપર, આર્ટીકલ, વેબસાઈટ, રીપોર્ટસ વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## માહિતીનું વિશ્લેષણ :

અભ્યાસના હેતુઓને સિદ્ધ કરવા માટે, ઉત્કલ્પનાની ચકાસણી કરવા માટે કે અભ્યાસ પ્રશ્નોના ઉતરો મેળવવા માટે સંશોધકે એકઠી કરેલી માહિતી પર જે માવજત કે પ્રક્રિયા થાય છે તેના દ્વારા તેને સમજવાનો પ્રયત્ન કરે છે તેને માહિતી વિશ્લેષણ કે માહિતીની માવજત કહે છે.

પ્રસ્તુત સંશોધન પેપર ગૌણ માહિતી પર આધારિત હશે, તેથી માહિતી વિશ્લેષણ માટે (૧) ટકાવારી પદ્ધતિ (૨) સરેરાશ પદ્ધતિ (૩) વર્ગીકરણ (૪) કોષ્ટક રચના અને (૫) આકૃતિ અને આલેખનો ઉપયોગ કરવામાં આવ્યો છે.


નીચે દર્શાવ્યા મુજબ કોષ્ટક ૧ માં છેલ્લા દાયકા દરમિયાન ભારતના વિદેશ વ્યાપારમાં આવેલા ફેરફારો દર્શાવ્યા છે, કોષ્ટક ૨ માં ભારતમાંથી થતી વસ્તુઓની નિકાસ ૨૦૧૧-૧૨ થી ૨૦૨૨-23 ( ૧૦૦ માંથી ૫ વસ્તુઓ ) ( US $ Million ), કોષ્ટક 3 માં વિદેશ માંથી થતી વસ્તુઓની આયાત ૨૦૧૧-૧૨ થી ૨૦૨૨-23 ( ૧૦૦ માંથી ૫ વસ્તુઓ ) ( US $ Million ) કોષ્ટક ૪ માં ભારત દેશના છેલ્લા દાયકાની આયાત અને નિકાસની સરખામણી દર્શાવી છે.

**કોષ્ટક** : **1** - છેલ્લા દાયકા દરમિયાન ભારતના વિદેશ વ્યાપારમાં આવેલા ફેરફારો

| Year | Export ( including re-exports ) (₹ crore) | Imports (₹ crore) | Trade Balance (₹ crore) | Rate of Change (per cent) | |
|---|---|---|---|---|---|
| | | | | Exports | Imports |
| 2011-12 | 1465959 | 2345463 | -879504 | 28.9 | 39.3 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 2012-13 | 1634319 | 2669162 | -1034843 | 11.5 | 13.8 |
| 2013-14 | 1905011 | 2715434 | -810423 | 16.6 | 1.7 |
| 2014-15 | 1896348 | 2737087 | -840738 | -0.5 | 0.8 |
| 2015-16 | 1716384 | 2490306 | -773921 | -9.5 | -9.0 |
| 2016-17 | 1849434 | 2577675 | -728242 | 7.8 | 3.5 |
| 2017-18 | 1956515 | 3001033 | -1044519 | 5.8 | 16.4 |
| 2018-19 | 2307726 | 3594675 | -1286948 | 18.0 | 19.8 |
| 2019-20 | 2219854 | 3360954 | -1141100 | -3.8 | -6.5 |
| 2020-21 | 2159043 | 2915958 | -756914 | -2.7 | -13.2 |
| 2021-22 | 3147021 | 4572775 | -1425753 | 45.8 | 56.8 |
| 2022-23 | 3621549 | 5749801 | -1749250 | 16.9 | 34.0 |

**Source :** Economic Survey 2022-23





છેલ્લા દશ વર્ષનાં સમયગાળા દરમિયાન ભારતની આયાતોમાં જેટલો વધારો થયો છે તેની તુલનામાં નિકાસોમાં તેટલો વધારો થયો નથી. પરિણામે આપણા દેશની ખાધમાં ઉત્તરોત્તર વધારો થયેલો જોવા મળે છે.

**કોષ્ટક : 2 – ભારતમાંથી થતી વસ્તુઓની નિકાસ ૨૦૧૧-૧૨ થી ૨૦૨૨-૨૩ ( ૧૦૦ માંથી ૫ વસ્તુઓ )** ( US $ Million )

| ક્રમ | વસ્તુઓ | 2011-12 | 2012-13 | 2013-14 | 2014-15 | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Tea | 811.89 | 828.29 | 760.58 | 646.85 | 681.60 | 686.10 | 785.02 | 777.18 | 769.41 | 700.41 | 684.86 | 740.40 |
| 2 | Rice | 4940.36 | 1305.30 | 7789.75 | 7853.12 | 5886.62 | 5733.79 | 7806.15 | 7750.61 | 6403.24 | 8829.21 | 9671.12 | 11144.37 |
| 3 | Live Sheep and Goat | 12.06 | 9.47 | 9.60 | 11.21 | 69.96 | 77.50 | 62.40 | 40.59 | 32.94 | 8.04 | 8.81 | 4.11 |
| 4 | Meat of Bovine Animal or Frozen | 2789.49 | 3058.86 | 4138.00 | 4576.08 | 3906.82 | 3729.40 | 3785.15 | 3314.94 | 2932.39 | 2851.94 | 2935.38 | 2859.72 |
| 5 | Live Fish | 1.39 | 1.15 | 3.28 | 1.53 | 1.15 | 2.01 | 2.02 | 1.52 | 1.70 | 2.12 | 5.01 | 6.26 |
| **કુલ નિકાસ** | | **305963.92** | **300400.58** | **314405.30** | **310338.48** | **262291.09** | **275852.43** | **303526.16** | **330078.09** | **313361.04** | **291808.48** | **422004.40** | **451070.00** |

**Source :** Ministry of Commerce and Industry









ભારત દેશની કુલ નિકાસોમાં ઉતરોત્તર વધારો ઘટાડો થતો જોવા મળે છે પણ ૨૦૨૧-૨૨ નાં વર્ષથી ભારત દેશની નિકાસો વધી છે ૨૦૨૧-૨૨ માં ભારતની નિકાસ **422004.40** હતી પણ તે ૨૦૨૨-૨૩માં વધીને **451070.00** થઈ છે.

કોષ્ટક : 3 – વિદેશમાંથી થતી વસ્તુઓની આયાત ૨૦૧૧-૧૨ થી ૨૦૨૨-૨૩ ( ૧૦૦ માંથી ૫ વસ્તુઓ ) ( US $ Million )

| ક્રમ | વસ્તુઓ | 2011-12 | 2012-13 | 2013-14 | 2014-15 | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Other Horses Excl For Pure Breeding | 3.65 | 3.87 | 3.13 | 1.56 | 2.11 | 2.17 | 3.08 | 2.53 | 1.45 | 1.26 | 1.78 | 2.70 |
| 2 | Other Meat of Swine Frozen | 0.64 | 0.51 | 0.49 | 0.90 | 0.77 | 1.17 | 1.53 | 1.77 | 2.13 | 0.72 | 2.01 | 1.83 |
| 3 | Other Duck, Frozen | 4.04 | 3.94 | 2.96 | 4.35 | 0.06 | 0.07 | 0.07 | 0.09 | 0.08 | 0.00 | 0.01 | 0.10 |
| 4 | Other Fish Frs | 74.10 | 34.96 | 10.72 | 18.04 | 10.65 | 12.33 | 11.57 | 1.30 | 17.09 | 37.44 | 14.38 | 25.89 |
| 5 | Other | 26.06 | 2.15 | 10.72 | 18.04 | 9.86 | 10.59 | 7.70 | 4.32 | 17.09 | 37.44 | 17.08 | 23.03 |
| કુલ આયાત | | **489319.49** | **490736.65** | **450199.97** | **448033.41** | **381007.76** | **384357.03** | **465580.99** | **514078.42** | **479709.28** | **394435.88** | **613052.05** | **715968.90** |

**Source :** Ministry of Commerce and Industry



વિદેશમાંથી વસ્તુઓની આયાત ૨૦૧૧-૧૨ થી ૨૦૨૨-૨૩
US $ Million
80
70
60
50
40
30
20
10
0
2011-12
2012-13
2013-14
2014-15
2015-16
2016-17
2017-18
2018-19
2019-20
2020-21
2021-22
2022-23
Other Horses Excl For Pure Breeding
Other Meat of Swine Frozen
Other Duck, Frozen
Other Fish Frs
Other


ભારતની કુલ આયાત
800000
700000
600000
500000
400000
300000
200000
100000
0
2011-12
2012-13
2013-14
2014-15
2015-16
2016-17
2017-18
2018-19
2019-20
2020-21
2021-22
2022-23

ભારત દેશની કુલ આયાતોમાં ઉતરોત્તર વધારો ઘટાડો થતો જોવા મળે છે પણ ૨૦૨૧-૨૨ નાં વર્ષ કરતા પણ ૨૦૨૨-23 નાં વર્ષ માં ભારત દેશની આયાત વધુ છે. ૨૦૨૧-૨૨ માં ભારતની આયાત **613052.05** હતી પણ તે ૨૦૨૨-૨૩માં વધીને **715968.90** થઈ છે.

**કોષ્ટક : 4** ભારત દેશના છેલ્લા દાયકાની આયાત અને નિકાસની સરખામણી

| વર્ષ | આયાત | નિકાસ |
|---|---|---|
| 2011-12 | 489319.49 | 305963.92 |
| 2012-13 | 490736.65 | 300400.58 |
| 2013-14 | 450199.97 | 314405.3 |
| 2014-15 | 448033.41 | 310338.48 |
| 2015-16 | 381007.76 | 262291.09 |
| 2016-17 | 384357.03 | 275852.43 |
| 2017-18 | 465580.99 | 303526.16 |
| 2018-19 | 514078.42 | 330078.09 |
| 2019-20 | 479709.28 | 313361.04 |
| 2020-21 | 394435.88 | 291808.48 |
| 2021-22 | 613052.05 | 422004.40 |
| 2022-23 | 715968.9 | 451070.00 |



ઉપરોક્ત ગ્રાફ જોઇને આપણે જાણી શકીએ છીએ કે ભારત દેશની આયાતો જેટલી વધી છે તેના કરતા નિકાસો હમેંશા નીચી જ રહી છે.

## આંતરરાષ્ટ્રીય વ્યાપારનું મહત્વ :

### 01. દેશના કુદરતી સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ

બે અથવા વધુ રાષ્ટ્રો વચ્ચેનો આંતરરાષ્ટ્રીય વેપાર તે બધાને તેમના કુદરતી સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં મદદ કરે છે. દરેક દેશ આ સંસાધનોનો ઉપયોગ કરીને માલસામાન અને સેવાઓના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે અને વિદેશી હૂંડિયામણ કમાવવા અને તેમની અર્થવ્યવસ્થાને આગળ વધારવા માટે અન્ય રાષ્ટ્રોને વેચી શકે છે. તે નિર્ણાયક સંસાધનોના બગાડને ટાળવામાં અને દેશની એકંદર આર્થિક સ્થિતિ સુધારવા માટે તેનો ઉપયોગ કરવામાં પણ મદદ કરે છે.

### 02. વિવિધ પ્રકારના માલસામાન અને સેવાઓની ઉપલબ્ધતા

આંતરરાષ્ટ્રીય વેપારનો એક મોટો ફાયદો એ છે કે તે દેશને માલસામાન અને સેવાઓ મેળવવા માટે સક્ષમ બનાવે છે જે સંસાધનોની અછત અથવા ઉત્પાદનના ઊંચા ખર્ચને કારણે તે પોતાની મેળે કરી શકતો નથી. તેઓ આ સામાન દેશની બહારથી પ્રમાણમાં ઓછા ખર્ચે મેળવી શકે છે.

### 03. અમુક વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાં વિશેષતા

કેટલાક રાષ્ટ્રો કુદરતી સંસાધનો, કાર્યબળ, ટેકનોલોજી અને મૂડી જેવા ચોક્કસ ફાયદાઓથી સંપન્ન છે. આ સંસાધનો તેમને પ્રમાણમાં સસ્તી કિંમતે ચોક્કસ પ્રકારના માલસામાન અને સેવાઓના ઉત્પાદનમાં જોડાવવા અને અન્ય રાષ્ટ્રોને વેચવાની મંજૂરી આપે છે જેમને તેમની જરૂર છે. તેઓ ઘરેલું ઘરેલું વપરાશની જરૂરિયાતો તેમજ આંતરરાષ્ટ્રીય બજારોમાં સેવા આપવા માટે મોટા પાયે ઉત્પાદનમાં જોડાઈ શકે છે. તેઓ તેમની પાસે મોટી માત્રામાં માલસામાન અને સેવાઓનો અન્ય દેશોમાં નિકાલ પણ કરી શકે છે અને બદલામાં તેમના વિદેશી વિનિમય અનામતમાં સુધારો કરી શકે છે.

**04. ઉત્પાદનો અને સેવાઓની કિંમતોમાં સ્થિરતા**

તે આંતરરાષ્ટ્રીય વેપારના મુખ્ય ફાયદાઓમાંનો એક છે. તે ફાયદાઓને દૂર કરવામાં મદદ કરે છે અને આ ઉત્પાદનોની બિન-ઉપલબ્ધતાને કારણે ઉદ્ભવતા જંગલી વધઘટને રોકવામાં મદદ કરે છે.

**05. ટેકનિકલ કુશળતાનું વિનિમય**

આંતરરાષ્ટ્રીય વેપાર ઉત્પાદન, ઉત્પાદન અને ટેક્નોલોજીના સંદર્ભમાં જ્ઞાનનો અભાવ ધરાવતા દેશોને અન્ય રાષ્ટ્રો પાસેથી તેનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે. અવિકસિત દેશો તેમની આર્થિક સમૃદ્ધિ વધારવા ઉપરાંત ઉદ્યોગોની સ્થાપના અને વિકાસ માટે વિકસિત દેશોની મદદ લઈ શકે છે.

**06. માલ અને સેવાઓના ઉત્પાદન અને વિતરણની દ્રષ્ટિએ કાર્યક્ષમતામાં સુધારો**

દેશો તેમના ઉત્પાદનના ધોરણને વધારવા માટે આંતરરાષ્ટ્રીય વેપારનો લાભ લઈ શકે છે અને અન્ય રાષ્ટ્રોની માંગને સંતોષવા માટે તેને વધુ કાર્યક્ષમ બનાવી શકે છે. તેઓ એકંદર ખર્ચને ઘટાડીને વધુ સારી ગુણવત્તાવાળા ઉત્પાદનો અને સેવાઓના ઉત્પાદન પર પણ ધ્યાન કેન્દ્રિત કરી શકે છે.

**07. પરિવહન અને સંદેશાવ્યવહારનો વિકાસ**

રાષ્ટ્રો વચ્ચે આંતરરાષ્ટ્રીય વેપાર ત્યારે જ વિકાસ પામી શકે છે જો પરિવહન અને સંદેશાવ્યવહારના માધ્યમો મજબૂત અને ઉચ્ચ કાર્યક્ષમ હોય. અન્યથા, તે અડચણો તરફ દોરી જશે જે વ્યવહારોની સદ્ધરતાને અવરોધી શકે છે. આંતરરાષ્ટ્રીય વેપાર ઘણી વખત રાષ્ટ્રો માટે માલસામાન અને સેવાઓના સતત વિનિમયની સુવિધા માટે અન્ય દેશો સાથે તેમના પરિવહન અને સંચારને સુધારવા માટે પ્રોત્સાહન તરીકે કાર્ય કરે છે.

**08. સુધરેલા સંબંધો**

રાષ્ટ્રો વચ્ચેનો આંતરરાષ્ટ્રીય વેપાર પણ બે રાષ્ટ્રો વચ્ચે સંચારનો મોટો અવકાશ તરફ દોરી જાય છે. તે જ્ઞાન અને વિચારોના આદાનપ્રદાનને પણ સક્ષમ બનાવે છે. આ વધુ સહકાર અને સમજણને પ્રોત્સાહન આપી શકે છે અને બંને દેશો વચ્ચે વધુ સૌહાર્દપૂર્ણ સંબંધો વિકસાવવા માટે પાયાના પથ્થર તરીકે કાર્ય કરી શકે છે

## અભ્યાસની મર્યાદાઓ :

**01. આર્થિક અસ્થિરતા**

આર્થિક વેપારના પરિણામે દેશો અમુક ઉદ્યોગોના પોતાનાં સાધનોનું રોકાણ કરે છે. એટલે કે વિશેષીકરણ કરવામાં આવે છે, તેથી તે દેશોનાં લોકોનું આર્થિક જીવન તે ઉદ્યોગો પર ખૂબ આધાર રાખે છે. જ્યારે તે ઉદ્યોગો મુશ્કેલીમાંથી મુક્ત થાય છે, ત્યારે આખો દેશ મંદીમાં ફસાય છે. જેમ કોઈ દેશનાં લોકો સુતરાઉ કાપડનાં ઉદ્યોગોમાં વિશેષીકરણ કરે અને વિશ્વનાં બજારમાં ટેરેલીન કે નાયલોન વગેરેની માંગ વધી જવાથી અને સુતરાઉ કાપડની માંગ ઘટી જવાથી બે દેશનાં લોકો બેકાર બની જાય છે. જ્યારે ભાવ, માંગ વગેરે ઘટે છે કે કુદરતી કારણોસર કાચા માલનું ઉત્પાદન ઘટે છે ત્યારે મંદીનો ભાવ તોળાય છે.

**02. અવલંબનનું જોખમ**

લોકોએ જીવન જીવવા માટે ઘણી બધી ચીજવસ્તુની જરૂર પડે છે. લોકોએ જીવન જીવવા માટે અનાજ, યુદ્ધ લડવા માટે શસ્ત્રો તથા વિકાસ માટે જરૂરી ચાવીરૂપ સાધનોની બાબતમાં દેશો સ્વાવલંબી થવાનું પસંદ કરે છે, તેથી ચીજોનું ઉત્પાદનખર્ચ દેશમાં વધુ આવતું હોવાં છતાં સ્વમાન, સહીસલામતી, નિશ્ચિતતા વગેરેની ખાતર દેશ સ્વાવલંબી થવા પ્રયત્ન કરે છે. દેશ માટે અત્યંત જરૂરી ચીજો માટે બીજા દેશોનું અવલંબન જોખમી લાગવાથી તેવી ચીજોનાં સ્વાવલંબન માટે પ્રયત્ન કરે છે.

**03. કુદરતી સંપત્તિનો દુર્વ્યય**

તાત્કાલિક થતા વધુ નફાના લોભમાં તથા લાંબા ગાળામાં કેવાં પરિણામો આવશે તેનો વિચાર કર્યા વિના ખનીજ પદાર્થોનો વધુ પડતો ઉપયોગ કરનારા સંપત્તિને ભારે હાનિ પહોંચાડે છે, તેથી બોર લઈને કલબી આપવા જેવું બને છે. આમ, જુદા જુદા દેશોમાં ઉત્પાદનનાં સાધનોનું પ્રમાણ પણ જુદું જુદું જોવા મળે છે.

**04. હાનિકારક તથા મોજશોખની ચીજોની આયાતો**

ઘણી બધી ચીજવસ્તુઓ હાનિકારક હોય છે. અતિ આકર્ષક શરીર તથા મનને ઘડીભર ખૂબ જ આનંદ આપતી હાનિકારક અને મોજશોખની ચીજોની આયાત પણ નફાકારક રહે છે પણ તેથી દેશને ભારે નુકસાન થાય છે. જીવનની પ્રાથમિક ચીજો તથા વિકાસ માટે જરૂરી સાધનોના ભોગે હાનિકારક કે ઓછી ચીજની આયાતો થાય છે. કેટલીયે વાર સરકારી

કાયદાઓનો ભંગ કરી દાણચોરી કરીને ચીજો આયાત કરવાનું વલણ હોય છે. ગરીબ દેશોને આ કઈ રીતે પરવડે ?

**05. નવા તથા નાના ઉદ્યોગો માટે ભય**

દેશ બીજા દેશો માટે છૂટથી વેપાર કરે તો બીજા દેશોની સસ્તી અને સારી વસ્તુઓ પોતાના દેશના નવા અને નાના ઉદ્યોગોની વસ્તુઓને બજારોમાંથી હાંકી કાઢે છે અને તેથી દેશનાં કારીગરો બેકાર થાય છે. મોટા પહેલવાન સાથે નાનું બાળક કઈ રીતે હરીફાઈ કરી શકે ? હરીફાઈ તો બરોબરીયા વચ્ચે હોય શકે. આથી જે દેશના ઉદ્યોગો પછાત છે કે નવા છે તે બીજા દેશના સમુદ્ધ ઉદ્યોગો સાથેની હરીફાઈમાં ટકી શકતા નથી અને તેથી તેમને સંરક્ષણ આપવાની જરૂર ઊભી થાય છે.

## તારણો :

પ્રસ્તુત સંશોધન પેપરમાં જાણવા મળ્યું છે કે ૨૦૧૧-૧૨ થી ૨૦૨૨-23 સુધીમાં ભારત દેશની આયાત અને નિકાસમાં ઉત્તરોતર વધારો ઘટાડો થયેલો જોવા મળે છે.

પ્રસ્તુત સંશોધન પેપરમાં જાણવા મળ્યું છે કે ૨૦૧૧-૧૨ થી ૨૦૨૨-23 સુધીમાં ભારત દેશની આયાતમાં જેટલો વધારો થાય છે તેના કરતા નિકાસમાં થતો વધારો ઓછો રહ્યો છે.

પ્રસ્તુત સંશોધન પેપરમાં ૨૦૧૬-૧૭મા સૌથી ઓછી બેલેન્સ ઓફ ટ્રેડ -728242 હતો જે વધીને ૨૦૨૨-૨૩માં -1749250 થયેલ છે.

## સમાપન :

પ્રસ્તુત સંશોધન પેપરમાં છેલ્લા દાયકા દરમિયાન ભારતના વિદેશ વ્યાપારમાં આવેલા ફેરફારોનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં પણ ૨૦૧૧-૧૨ થી ૨૦૨૨-23 સુધીના આયાત અને નિકાસના આંકડા મેળવીને તેમને ચાર્ટ અને ગ્રાફ ની મદદથી સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. છેલ્લા દાયકા દરમિયાન ભારત દેશની આયાતમાં ખૂબ વધારો થયો છે પણ તેની તુલનામાં નિકાસમાં ઓછો વધારો થયેલો જોવા મળે છે.

❖ સંદર્ભસૂચી


- (n.d.). Retrieved March 8, 2024, from Ministry of Commerce ane Industry: https://commerce.gov.in/

- (2022-23). *Economic Survey.* Kolkata: Directorate General of Commercial Intelligence & Statistics (DGCI&S).
- Gupta, S. (2019). An analysis of Present Position of International Trade of india. *ResearchGate , 118i9.7920*.
- Pour, S. A. (2017). *International Trade in Services With Special Reference to India An Appraisal.*
- Prakash, O. (2022). *Foreign Trade performance index development and validation in indian context.*
- R.C.JOSHI, J. (2015-16). *Theshies of International Trade.* Surat: New Popular Prakashan.
- SHRIMALI, R. (2008). *ECONOMICS(UGC-NET/GSET).* AHMEDABAD : AKSHAR PUBLICATION.
- R.S.PATEL. (2017). *Methods of Research.* Ahmedabad: Jay Publication
- શાહ .(૨૦૧૬,૨૦૧૩,૧૯૯૭) .બી .આર ,*પારિભાષિક કોશ અર્થશાસ્ત્ર*યુનિવર્સીટી :અમદાવાદ . .. ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત